અપીલ અરજી નં.૩૭૨ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ–ડે.કમિશ્નર (પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૧–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ સંયુકત સચિવના અધિસુચના ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૦નો ૧૧૬/ પરચ / ૧૪૦૮ / ૫૪૯૨– લ, તા. ૨૩–૮–૧૦ના પત્ર સંદર્ભે નગરનિયોજકશ્રીના પત્ર નં. ટીપીડી/આ/૩૫૭૬ તા. ૧૭–૯–૧૦ મુજબના (આ સાથે સામેલ) પત્ર સંદર્ભે આપની કચેરી ધ્વારા થયેલ તારીખ સહિતની કાર્યવાહી તેમજ અરજદારને પાઠવેલ પ્રત્યુત્તરની તારીખ સહિતની સંપૂર્ણ માહિતી જો આપની કચેરી ધ્વારા આ બાબતે કોઈ કાર્યવાહી ન થઈ હોય, અરજદારને પ્રત્યુત્તર નહિ પાઠવેલ હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ, હોદ્દા સહિતની માહિતી વિ.મુદ્દા નં.(૧)થી(૫)નીમાહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૨/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૧–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ સંયુકત સચિવના અધિસુચના ક્રમાંકઃ જીએચ/ વી/ ૨૦૧૦નો ૧૧૬/ પરચ / ૧૪૦૮ / ૫૪૯૨– લ, તા. ૨૩–૮–૧૦ના પત્ર સંદર્ભે નગરનિયોજકશ્રીના પત્ર નં. ટીપીડી / આ / ૩૫૭૬ તા. ૧૭–૯–૧૦ મુજબના (આ સાથે સામેલ) પત્ર સંદર્ભે આપની કચેરી ધ્વારા થયેલ તારીખ સહિતની કાર્યવાહી તેમજ અરજદારને પાઠવેલ પ્રત્યુત્તરની તારીખ સહિતની સંપૂર્ણ માહિતી જો આપની કચેરી ધ્વારા આ બાબતે કોઈ કાર્યવાહી ન થઈ હોય, અરજદારને પ્રત્યુત્તર નહિ પાઠવેલ હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ, હોદ્દા સહિતની માહિતી વિ.મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા એક જ જાહેર માહિતી અધિકારી ધ્વારા પુનરાવર્તિત તબદીલી અંગે સ્પષ્ટતા સહ માંગેલ માહિતીની નકલ સહ હકીકત મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૦૬૮ તા. ૧૫–૧૧–૧૧થી ડે.કમિશ્નર(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. ટીડીઓ/આ.નં./૪૬ તા. ૨૮–૧૧–૧૧થી પુરક વિગતોમાં નોંધ વિભાગ અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. ટીડીઓ/આ.નં./૩૩૩તા. ૯–૧૧–૧૧ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી નગરરચના એકમ–૮ તરફથી જા.મા.અ./આઈડી નં/૨૭/૧૧/સુરત/૪૬૬–૪૬૭ તા. ૧૫–૧૦–૧૧થી જાહેર માહિતી અધિકારી નગરનિયોજક સુરત મહાનગરપાલિકાને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ ,સુરત મહાનગરપાલિકા નગરનિયોજક ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં. ટી.પી.ડી./આરટીઆઈ/૩૫૬ તા. ૨૪–૧૦–૧૧થી જુની.નગરનિયોજક નગરરચના એકમ નં.–૮ અને નગરનિયોજક મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ થયા અંગેના પત્રની નકલ ,જાહેર માહિતી અધિકારી નગરરચના એકમ નં. ૮ તરફથી મદદનીશ જાહેર માહિતી અધિકારી નગરનિયોજકને પત્ર નં. જા.મા.અ./આઈડી નં./૧૬/૧૧/સુરત/૪૮૫ તા. ૮–૧૧–૧૧થી તબદીલ થયેલ પત્રની નકલ,અરજદારની તા. ૬–૯–૧૦ની અરજી બાબતે ટીપીડી/આ.નં./૩૫૭૬તા. ૧૭–૯–૧૦થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૧–૧૦–૧૧ની અરજીથી રાહુલ રાજ ટેક્ષટાઈલ સીટી ટી.પી.નં. ૩૩, ડુંભાલ ફા. પ્લોટવાળી જમીનના બાંધકામ બાબતે માહિતી માગતી અરજી જાહેર માહિતી અધિકારી નગરરચના અધિકારીની કચેરી દિલ્હીગેટ ,જકાતનાકા બિલ્ડીંગ, સ્ટેશન ખાતે કરવામાં આવેલ જે જાહેર માહિતી અધિકારી નગરરચના એકમ નં.–૮ તરફથી જા.મા.અ./આઈડી નં/૨૭/૧૧/સુરત/૪૬૬–૪૬૭ તા. ૧૫–૧૦–૧૧થી જાહેર માહિતી અધિકારી નગરનિયોજક સુરત મહાનગરપાલિકાને અંશતઃ મુદ્દા નં.(૧) થી (૫) અંગે તબદીલ કરવામાં આવેલ. જે સુરત મહાનગરપાલિકા નગરનિયોજક ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં. ટી.પી.ડી./આરટીઆઈ/૩૫૬ તા. ૨૪–૧૦–૧૧થી જુની.નગરનિયોજક નગરરચના એકમ નં.–૮ અને નગરનિયોજક મધ્યસ્થ શહેર વિકાસને મુદ્દા નં.(૨) અંગે શહેર વિકાસ વિભાગ સુરત મહાનગરપાલિકા જયારે મુદ્દા નં(૩)થી (૫) અંગે નગરરચના એકમ નં.–૮ને તબદીલ કરવામાં

આવેલ. જે અંગે અરજદારે ટીપીડી/આરટીઆઈ/૩૫૬ તા. ૨૪–૧૦–૧૧ના નિર્ણયથી નારાજ થઈ તા. ૮–૧૧–૧૧ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં (૨)થી (૫) કાર્યવાહી ન કરનાર અધિકારીના નામ ,હોદ્દા સહિતની માહિતીની રજૂઆત કરેલ છે ચારેય મુદ્દાઓની માહિતી બન્નેમાંથી એકપણ જાહરે માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ નથી. જે જાહેર માહિતી અધિકારી નગરરચના એકમ નં. ૮ તરફથી પત્ર નં. જા.મા.અ./આઈડી નં./૧૬/૧૧/સુરત/૪૮૪–૪૮૫ તા. ૮–૧૧–૧૧થી મદદનીશ જાહેર માહિતી અધિકારી નગરનિયોજકને તબદીલ કરવામાં આવેલ. જે અંગે મુદ્દા નં.(૨) અંગે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં. ટીડીઓ/૩૩૩ તા. ૯–૧૧–૧૧થી અરજદારને મુદ્દા નં.(૨) ની માહિતી અન્વયે જણાવવાનું કે, આપશ્રીએ નગર રચના અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાયનો ઉલ્લેખ કરેલ છે પરંતુ અભિપ્રાયની તારીખ પત્રક્રમાંકની વિગતોનો ઉલલેખ કરેલ નથી. જેથી સદર પત્રનો પત્રક્રમાંક નંબર તથા તારીખની સ્પષ્ટતા થયેથી તેની માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં મુદ્દા નં.(૧) અંગે અંશતઃ માહિતી જાહેર માહિતી અધિકારી નગર રચના એકમ–૮ અંગે તેઓને સ્પર્શતી હોવાનું તેઓના પત્રક્રમાંક–૪૮૫ તા. ૮–૧૧–૧૧થી જાહેર માહિતી અધિકારી નગર રચના એકમ–૮એ જણાવેલ છે. આથી તે બાબતે લાગત સત્તા મંડળના અપીલ અધિકારીને અપીલ કરવાની રહે. બાકીના મુદ્દા નં.(૨) થી (૫) સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્ર હેઠળ હોવાનું જણાવેલ છે. જેમાં મુદ્દા નં.(૨) અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં. ટીડીઓ/૩૩૩ તા. ૯–૧૧–૧૧ તરફથી નિયત સમય અવધિમાં માહિતી આપેલ છે જે અંગે અરજદાર સ્પષ્ટતા કરી માહિતી મેળવી શકે છે. જયારે મુદ્દા નં.(૩)થી (૫)ની માહિતી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પુરી પાડવાની રહે જે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પુરી પડાયેલ જણાતી નથી. જયારે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૧–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.(૩) થી (૫)ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામા આવે છે. તથા મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર સ્પષ્ટતા કરીને માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧ડે.કમિશ્નર(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ